# અરવલ્લી જિલ્લા પંચાયત ભવનના ભાડાનો વિવાદ વકર્યો

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લા પંચાયત કચેરી મોડાસાના દ્વારકાપુરી કોમ્પલેક્ષમાં શરૂ કરવા વહીવટદારો દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાઇ



હતી. બિલ્ડીંગ માલિક પાસે જરૂરી મૌખિક કરાર અને મોટાપાયે ફર્નિચરની કામગીરી હાથ ધરાયા બાદ કચેરી શરૂ નહીં કરાતાં બિલ્ડીંગ માલિકે છ માસના ભાડા સહિત અન્ય ખર્ચાની રકમ વળતર પેટે માગતાં વિવાદ સર્જાયો છે.

અરવલ્લી જિલ્લાની નવરચના બાદ જિલ્લા પંચાયત કચેરી મોડાસાના માલપુર રોડ પર ખેતીવાડી વિભાગની કચેરીમાં શરૂ કરાઇ હતી. આ જગ્યા ખૂબ સાંકડી હોઇ કચેરીને મોટા કોમ્પ્લેક્ષમાં ખસેડવા જિલ્લા પંચાયતના વહીવટદારો દ્વારા દ્વારકાપુરી કોમ્પ્લેક્ષની એક બિલ્ડીંગ ઉપર પસંદગી ઉતારી હતી. ત્રણ માળની આ બિલ્ડીંગના ૩૫ રૂમની ૮૬૦૮ ચો.ફૂટ જગ્યાની મંજૂરી ડીડીઓ



દ્વારા મેળવાઇ હતી.

નિર્ધારીત સમયે આ બિલ્ડીંગમાં કચેરી શરૂ નહીં કરી શકાતાં અને જિલ્લા પંચાયત કચેરી અન્ય સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરાઇ હોવાની જાણ થતાં બિલ્ડીંગ માલિક પુરૂષોત્તમદાસ લખાનુમલ મોરવાણીએ છ માસનું ભાડું તેમજ લીફ્ટ સહિત અન્ય સગવડો પાછળ કરાયેલા ખર્ચની રકમની માંગતાં ભાડાના મકાનના પ્રશ્ને વિવાદ સર્જાયો છે. જયારે છ માસનું ચડેલું ભાડું અને કરાયેલ ખર્ચની રકમ મેળવવા બિલ્ડીંગ માલિકે કોર્ટનો આશરો લેવા ચીમકી ઉચ્ચારી હતી.

## લાખો ખર્ચાવી અરવલ્લી જિલ્લા પંચાયતે બિલ્ડીંગ ભાડે ના રાખ્યું

### બિલ્ડીંગમાં જરૂરી ચેમ્બર માટે ૨૫ લાખ ખર્ચાયા

બિલ્ડીંગના માલિક પુરૂષોત્તમભાઇ મોરવાણીના જણાવ્યા મુજબ, ડીડીઓના કહેવાથી લીફ્ટ નખાવી અન્ય સગવડો ઉપલબ્ધ કરાવી હતી. જયારે આ અધિકારીના આદેશ બાદ કોન્ટ્રાકટર દ્વારા મોટાપાયે ફર્નિચર બનાવવા રૂ.૨૫ લાખ ખર્ચાયા છે.

### ડીડીઓ કહે છે કોઇપણ જાતનો કરાર કરાયો નથી

આ બિલ્ડીંગ માલિક સાથે કોઇપણ જાતનો કરાર કરાયો નથી. જિલ્લા સેવાસદનની નવીન બિલ્ડીંગ શરૂ કરાતાં હાલની કલેકટર કચેરીના સ્થળે હંગામી ધોરણે જિલ્લા પંચાયત કચેરી શરૂ કરવામાં આવનાર છે, તેથી અન્ય બિલ્ડીંગ ભાડે રાખવાનો પ્રશ્ન જ નથી.- સુધીર પટેલ, ડીડીઓ, જિલ્લા પંચાયત



### બિલ્ડીંગ માલિક કહે છે મૌખિક સૂચના આપેલી

માસિક રૂ.૯૨ હજારના ભાડે જિ.પં. પ્રમુખ અને ડીડીઓની મૌખિક સૂચના મુજબ બિલ્ડીંગમાં સગવડો ઉભી કરી હતી. હવે છ માસ પછી કોઇ પ્રત્યુતર નહીં પાઠવતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ભાડા સહિત ખર્ચ વસુલાશે.- પુરૂષોત્તમ મોરવાણી, બિલ્ડીંગ માલિક

### પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે મંજૂરી આપી હતી

જિલ્લા પંચાયત કચેરી દ્વારકાપુરી કોમ્પ્લેક્ષની એક ત્રણ માળની બિલ્ડીંગમાં શરૂ કરવા માસિક રૂ.૯૨ હજારના ભાડા સાથે કચેરી ભાડે શરૂ કરવા પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગના સંયુક્ત સચિવ આઇ.એમ.શેખે તા. ૨૮/૪/૨૦૧૫ના રોજ મંજૂરી આપી હતી.

# એક્સપાયરી ડેટ દવાનું પગેરૂ શોધવામાં મોડાસામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ નિષ્ફળ

મોડાસા, તા. ૧

મોડાસાની સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલમાં દાખલ થયેલ અલ્લારખ્ખા મુલતાનીને એક્સપાયરી ડેટ દવા અપાઇ હતી. ગત ૪ ઓગસ્ટના રોજ આ દદીના સગાના હાથમાં જુલાઇ ૨૦૧૫ની એક્સપાયરી ડેટ દવા આવતાં હોબાળો મચી ગયો હતો. દદીના સગાઓએ આક્ષેપ કર્યો હતો કે, એક્સપાયરી ડેટની દવા સંજીવની મેડીકલ સ્ટોરમાંથી આપવામાં આવી છે. આ મુદ્દે ફુડ એન્ડ વિભાગને ફરિયાદ થતાં ફુડ ઇન્સ્પેક્ટર દ્વારા પણ મેડીકલ સ્ટોરમાં તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો હતો. અને દવાના બેચ નંબરને આધારે આ દવા ક્યાંથી કયા મેડીકલ સ્ટોર સુધી પહોંચી તેની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી.જો કે બે માસ જેટલો સમય વિતવા છતાં એક્સપાયરી ડેટ દવા કયા ડિલર કે સુપર સ્ટોકીસ્ટના ત્યાંથી મેડીકલ સ્ટોર સુધી પહોંચી તે બહાર આવી શક્યું નથી. આ દવા સંજીવની મેડીકલ સ્ટોરમાંથી અપાઇ છે કે કેમ તે તો તંત્ર શોધી જ નથી શક્યુ પરંતુ આ દવાનો જથ્થો બેચ નંબરના આધારે શોધવામાં ફુડ એન્ડ ડ્રગ વિભાગ નિષ્ફળ નિવડયુ છે. સંજીવની મેડીકલ સ્ટોરમાં તપાસ હાથ ધરતાં કેટલીક દવાઓના બીલો બનેલા ન હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. જેના પગલે ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા સંજીવની મેડીકલ સ્ટોરનો માત્ર છ દિવસનો પરવાનો મોકૂફ રાખી તપાસને પૂર્ણ કરાતાં ખળભળાટ મચ્યો છે.

### ફૂડ ઈન્સ્પેક્ટર શું કહે છે

ફુડ એન્ડ ડ્રગ ઈન્સ્પેક્ટર કુણાલ પરમારે જણાવ્યું હતું કે, બેચ નંબરના આધારે એક્સપાયરી ડેટની દવા અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. પરંતુ દદીના હાથમાં કયા મેડીકલ સ્ટોરમાંથી આ દવા આવી તે હજુ શોધી શકાયુ નથી. બીજી બાજુ સંજીવની મેડીકલ સ્ટોરમાં જણાયેલ કેટલીક ગેરરિતીઓને આધારે છ દિવસ માટે પરવાનો મોકૂફ કરવામાં આવ્યો હતો.

# સાબરકાંઠા કોંગ્રેસ સમિતિના કારોબારી સભ્ય પદે મહેન્દ્ર ગાંધીની વરણી

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના કારોબારી સભ્ય તરીકે તાજેતરમાં તલોદના પીઢ કોંગ્રેસી આગેવાન મહેન્દ્ર ગાંધીની વરણી કરવામાં આવી છે. જેઓની વરણીને આવકારી કોંગ્રેસ કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.


સાબરકાંઠાના તલોદ તાલુકાના દિગંબર જૈન સમાજના અગ્રણી તેમજ પીઢ કોંગ્રેસી આગેવાન અને પત્રકાર મહેન્દ્ર સોમચંદ ગાંધીની તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલભાઈ પટેલે સમિતિમાં કારોબારી સભ્ય તરીકે વરણી કરી હતી.

મહેન્દ્રભાઈ ગાંધીની જિલ્લાકક્ષાએ થયેલી વરણીને તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મંગુભા ઝાલા, કનુભાઈ પટેલ, એચ.કે. ઝાલા, રંગુસિંહ સોલંકી, અભેસિંહ ઝાલા, વિનુભાઈ પટેલ, રાજુભાઈ રાવલ, મહેન્દ્રભાઈ પટેલ, હિરાભાઈ ધાનેક, બીપીનભાઈ શાહ, પરેશ શાહ, નીતિનભાઈ શાહ, આશાબેન પટેલ, નીતાબેન શાહ વગેરે આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# ભાથીજીના મુવાડા પ્રાથમિક શાળાની છાત્રાને શિક્ષિકાએ સોટીઓ ફટકારતાં રોષ

મોડાસા, તા. ૧

શાળામાં અભ્યાસ કરતા બાળકને કોઈ શારીરિક શિક્ષા નહીં કરવાની સરકારની સૂચનાનું ધરાર ઉલ્લંઘન કરી માલપુર તાલુકાની ભાથીજીનામુવાડા પ્રા. શાળાની શિક્ષિકા કોકીલાબેન પટેલે ધો.૨ માં અભ્યાસ કરતી છાત્રા રિદ્ધિ વનરાજસિંહ તરાલને ગણિતનો દાખલો ન આવડવાની મામૂલી બાબતમાં સોટીઓ વડે ફટકારતાં ઈજાગ્રસ્ત બનેલી છાત્રાએ પરિવારને જાણ કરતાં શિક્ષિકાની અમાનૂષી ભરી શિક્ષા સામે વાલીઓમાં રોષ વ્યાપ્યો છે.



માલપુર તાલુકાના ભાથીજીના મુવાડાના વનરાજસિંહ પ્રતાપસિંહ તરાલની દિકરી ધો.૨ માં અભ્યાસ કરે છે. ગત રોજ તે સવારે શાળામાં ગઈ તે સમયે શાળાના વર્ગશિક્ષક કોકીલાબેન પટેલે બાળકોની હાજરી લીધા પછી ગણિત ભણાવવાનું શરૂ કર્યુ હતું જેમાં રિદ્ધિ તરાલ નામની છાત્રાને ગણિતનો દાખલો ન આવડતાં શિક્ષિકાએ ક્રોધિત બની હાથમાં સોટી લઈ છાત્રાને ફટકારતાં માસૂમ છાત્રાએ શાળામાં રોકકળ કરી મૂકી હતી. રીશેષમાં રડતાં..રડતાં ઘરે ગયેલી છાત્રાએ પોતાને ફટકાર્યાનું જણાવતાં તરાલ પરિવાર સમસમી ઉઠયો હતો. ટૂંકમાં શિક્ષિકાએ છાત્રાને સોટીનો માર મારી ઈજા પહોંચાડતાં સમગ્ર મામલો માલપુર તાલુકામાં ચકચાર જગાવી રહ્યો છે. છાત્રાના વાલી વનરાજસિંહ તરાલે જણાવ્યું હતું કે શિક્ષિકાના આ રીતના વર્તાવને ક્યારેય સોંખી નહીં લેવાય. આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.



પાલનપુર મુકામે કલેકટર શ્રી દિલીપ રાણાના અધ્યસક્ષસ્થા ને ગતિશીલ ગુજરાત અભિયાનની બેઠક યોજાઇ હતી. ભાગ ૩માં ફાળવાયેલ લક્ષ્યાંક મુજબ ઝડપથી કામગીરી પૂર્ણ કરવા વિવિધ કચેરીઓના અધિકારીઓને કલેકટરશ્રીએ સુચના આપી હતી. એકબીજાના સંકલનમાં રહી જિલ્લામાં ઝડપથી વિકાસ કામો કરી શકાય તે દિશામાં આપણે બધા -યાસો કરીએ. ગતિશીલ ગુજરાત કાર્યક્રમના ભાગ ૧-૨ માં બનાસકાંઠા જિલ્લામાં ખુબ સારી કામગીરી થઈ છે તેવી જ રીતે ભાગ ૩માં પણ આપણા જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી થાય તેના માટે આયોજનબધ્ધ પ્લીનીંગ કરી કામ કરીએ. કલેકટરશ્રીએ લોકસંવાદના બાકી જેવા કે દબાણો દુર કરાવવા, તકેદારી પંચની અરજીઓનો નિકાલ કરવા અધિકારીઓને સુચના આપી હતી.




તલોદની એચ.પી. આર્ટસ કોમર્સ કોલેજનો યુવક મહોત્સવમાં ઝળહળતો વિજય થયો છે. યુનિ.માં દબદબાભર્યો વિજય હાંસલ કરનાર તલોદ કોલેજની વિદ્યાર્થીનીઓને આચાર્ય જે.સી. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# બબ્બે મહિનાના વાણા વાયા છતાં પણ હજુ થરાદનું નાગલા ગામ પાણીમાં ગરકાવ

ધાનેરા, તા. ૧

રાજ્ય સરકાર ભલેને ગતિશીલ ગુજરાતની ગુલબાંગો ફૂકતી હોય પરંતુ આ ગતિશીલ ગુજરાતની વાસ્તવિકતા કૈક ઓર છે. બનાસકાંઠા જિલ્લામાં પૂર આવ્યાને આજે બે મહિના કરતા પણ વધારે સમય વીતી ગયો છે છતાં પણ હજુ બનાસકાંઠાના કેટલાક ગામો પાણીમાં ગરકાવ છે.

વાત છે બનાસકાંઠાના થરાદ તાલુકાના નાગલા ગામની બનાસકાંઠામાં વરસાદી પૂર આવ્યાને બે માસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં આ નાગલા ગામની પરિસ્થિતિ હજુ એમ ની એમ છે કારણ કે નાગલા ગામે વરસાદી પૂરના પાણી હજુ પણ ઓસર્યા નથી. આજે પણ આ ગામમાં પાંચથી દસ ફૂટ જેટલું પાણી ગામમાં ભરાયેલ છે. બનાસકાંઠામાં જ્યારે પૂર આવ્યું ત્યારે આ નાગલા ગામને પણ પૂરના પાણીએ ઘમરોળ્યું હતું અને ગામમાં પૂર આવતા ગામ લોકો પોતાનો જીવ બચાવી ગામાંથી ઉંચાણવાળા વિસ્તારોમાં ખસી ગયા હતા અને જેઓ આજે પણ પોતાના ગામમાં જઈ સકતા નથી કારણ કે હજુ ગામમાં પાંચથી આઠ ફૂટ જેટલું પાણી ભરાયેલ છે. જો કે ગામમાં પાણી ભરાયેલ હોવાના કારણે કેટલાક લોકો ખેતરોમાં રહેવા ચાલ્યા ગયા છે તો કેટલાક લોકો સાલામાં તંબુ બાંધી વસવાટ કરે છે. તો ગ્રામજનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે જેમને માત્ર બે વખત કેસ ડોલ્સ વગર કોઈ પણ પ્રકારની સહાય હજુ સુધી મળી નથી.





તો બીજી તરફ વહીવટીતંત્ર ટ્યુબવેલ મોટરો લગાવી આ પાણી નર્મદા કેનાલમાં નિકાલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે પરંતુ પાણીનો ઘેરાવો વધુ હોવાથી આ પાણી નીચે ધીરે ધીરે ઉતરે છે જોકે આ બે માસથી ભરાયેલ પાણીના કારણે અહી કોઈ રોગચાળો ફાટી નીકળે તે પહેલા વહીવટીતંત્રને જાગવાની જરૂર છે.

# ધાનેરામાં રખડતા ઢોરનો ત્રાસ : બેલીમ વાસમાં આખલાએ એક મહિલા સહીત બે બાળકો પર કર્યો હૂમલો

## માતા-પુત્રીની હાલત ગંભીર : સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા

ધાનેરા, તા. ૧

બનાસકાંઠાના ધાનેરામાં આખલાઓ આતંક મચાવી રહ્યા



છે ત્યારે ધાનેરાના લોકોને જીવવું મુશ્કિલ બની ગયું છે. ધાનેરાના બેલીમ વાસમાં આખલાએ એક મહિલા સહીત બે બાળકો પર હૂમલો કરતા તમામને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાસકાંઠાના ધાનેરા વિસ્તારમાં આવેલા બેલીમ વાસમાં આજે આખલાએ એક મહિલા સહીત બે બાળકો પર હૂમલો કર્યો હતો. જેમાં નાગીનાબનુ જાવેદખાન ચૌહાણ ઉં.વ. ૨૫, આલીયાબનુ જાવેદખાન ચૌહાણ ઉં.વ. ૪ અને જાહેદખાન જાવેદખાન ચૌહાણ ઉં.વ.૧ને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. આજુબાજુ ઉભેલા લોકોએ આ મહિલા અને બાળકોને આખલાથી બચાવી સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવા માટેની તજવીજ હાથ ધરી હતી.

ધાનેરા શહેર તેમજ ધાનેરાના રહેણાંક વિસ્તારોમાં આખલાના ટોળાઓ આતંક મચાવી રહ્યા છે. ક્યારેક લોકોને ઘાયલ કરી રહ્યા છે તો ક્યારેક વાહનોને નુકશાન પહોંચાડી રહ્યા છે. ત્યારે ધાનેરાના લોકો ઈચ્છી રહ્યા છા કે આખલાને પકડી ક્યાંક પાંજરાપોળમાં મુકવામાં આવે તો લોકો નિરાંતે જીવી શકે.

# સોનાસણા ગામે ઝેરી દવા ગટગટાવી લેતા યુવાનનુ મોત

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે રહેતા નટવરભાઈ અમીચંદભાઈ પરમાર રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણોસર પોતે ઘરમાં રહેલ ઝેરી દવા પી લેતા તેવોને હિંમતનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબી દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.



રાજ્યમાં ઘણા સમયથી અનામતની માંગ સાથે પાટીદારોની પડખે જુદા જુદા સવર્ણ સમાજના લોકોએ આંદોલનમાં સૂર પુરાવ્યો છે. ત્યારે ગત રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં સૌ પ્રથમવાર આબુ હાઈવે પરની હોટલ પર ઉત્તર ગુજરાત રાજપૂત હિત રક્ષક મંચના બેનર હેઠળ રાજપૂત યુવાનોએ સરકારના બિન અનામત વર્ગ માટે જાહેર કરાયેલ આર્થિક પેકેજનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને જાહેરમાં તેની હોળી કરી હતી.

# ખેડબ્રહ્મામાં માર્ગ અકસ્માતમાં એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવે ઉપર કાર અને મોટરસાયકલ વચ્ચે થયેલા અકસ્માતમાં એક ઈસમનું સારવાર દરમ્યાન મોત નિપજવાના બનાવ સંદર્ભે અજાણ્યા કારચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસસ્ટેશનથી મળતી માહિતી મુજબ સહેરની રઘુછાયા હોટલ પાસે ગત સોમવારે ક્રુઝર ગાડી નં. જીજે-૦૯-બીએ-૧૧૯૧ના ચાલકે પોતાના કબજાની ગાડી બેદરકારીપૂર્વક હંકારી સામેથી આવતી મોટરસાયકલ નંબર જીજે-૯-એપી-૨૫૭૯ને ટક્કર મારી હતી. જેથી મોટરસાયકલ પર બેઠેલો સાહિલકુમારને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યાં સારવાર દરમ્યાન યુવાનનું મોત નિપજ્યું હતું.

# કુવાસણા ગામે ગુમ યુવાનનો મૃતદેહ મળતા ચકચાર

મહેસાણા, તા. ૧

મહેસાણા જિલ્લાના વિસનગરમાં ફાયનાન્સનો ધંધો કરતા એક વ્યક્તિના યુવાન પુત્ર અચાનક ગુમ થયા બાદ નજીકના કુવાસણા ગામની સીમમાંથી તેનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે વિસનગરમાં ફાયનાન્સનો ધંધો કરતા જીવરાજભાઈ બબાબાઈ રબારીનો યુવાન પુત્ર નાગજીભાઈ રબારી ગત મંગળવારના રોજ બપોરના સમયે ઓફિસેથી ઘેર જવા નીકળ્યો હતો. જે મોડે સુધી ઘેર ન પહોંચતા પરિવારજનોએ તેની શોધખોળ આરંભી હતી. દરમિયાન વિસનગર નજીકના કુવાસણા ગામની સીમમાંથી ગુમ થયેલ યુવાનની બુલેટ મોટરસાયકલ, સળગાવેલ કપડાં, લોહીવાળો રૂમાલ તથા હથોડી વગેરે મળી આવ્યા હતા. જેથી યુવાનની હત્યાની આશંકાને લઈને પોલીસે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી હતી. પરંતુ કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન બીજા દિવસે સવારે જે જગ્યાએથી યુવાનનું બુલેટ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળી આવી હતી તે જગ્યાની નજીકમાં એક ખેતરની અંદર સદર યુવાનની નિર્લક્ષ હાલતમાં લાશ મળી આવાતં ભારે સનસનાટી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં પોલીસો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ ઉપરાંત લોકોના ટોળા પણ ઘટનાસ્થળે ઉમટ્યા હતા. આમ યુવાનની નિર્મમ હત્યાથી સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા.

આ બનાવ અંગે વિસનગર પોલીસે હત્યા અને લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ સમાચાર લખાય છે ત્યારે પોલીસે આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓને શોધવા માટે કેટલાક શકમંદોની સઘન પુછપરછ શરૂ કરી છે.